**ચ-૨ પાસે બાઈકના ટાયરમાં દુપટ્ટો આવી જતાં મહિલા નીચે પટકાઈ**

# ભાઈને રાખડી બાંધી ઘરે જવા નીકળેલી બહેનનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ..!

**સેક્ટર-૭માં ભાઈને રાખડી બાંધી અમદાવાદ ઘરે જવા માટે નીકળ્યા હતા, તે સમયે ઘટના બની હતી**

ગાંધીનગર, તા.૨૨

રક્ષાબંધનના પવિત્ર દિવસે ભાઈના હાથે રાખડી બાંધી બહેન તેના દીર્ઘાયુ માટે ભગવાનને પ્રાર્થના કરે છે...ત્યારે ભાઈના હાથે રાખડી બાંધી ઘરે પરત ફરી રહેલી બહેનનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. રક્ષાબંધનના ખુશીના માહોલ વચ્ચે અચાનક આ સમાચાર મળતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રક્ષાબંધનના દિવસે સાંજના સુમારે ચ-૨ પાસે બાઈકના ટાયરમાં દુપટ્ટો આવી જતા માર્ગ પર પટકાતા મહિલાનું મૃત્યું થયુ હતું. અમદાવાદ મેઘાણીનગર મધુવન સોસાયટી મકાન નં.૧૨ ખાતે રહેતા ભાવના બેન મહેશભાઈ પરમાર(ઉં.૫૦) રક્ષાબંધનના પર્વ નિમિતે ગાંધીનગર સેક્ટર-૭ ખાતે રહેતા ભાઈને રાખડી બાંધવા માટે આવ્યા હતા. ભાઈને રાખડી બાંધી તહેવારની ઉજવણી બાદ તેઓ સાંજના ૫ વાગ્યાના અરસામાં બાઈક પર પતિ સાથે અમદાવાદ જવા માટે નીકળ્યા હતા. સેકટર-૭ માંથી ચ-૨ તરફ જતા માર્ગ પર અચાનક બાઈકના ટાયરમાં ભાવના બહેનનો દુપટ્ટો કોઈ રીતે આવી ગયો હતો. જેથી અચાનક ઝટકો લાગતા ભાવના બહેન માર્ગ પર પટકાયા હતા. તેઓને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો તેમજ અન્ય વાહનચાલકો એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચતા ભાવના બહેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન ડોકટરે તેમને મરણ જાહેર કર્યા હતા. પરિવારને ભાવના બહેનના માર્ગ અકસ્માતના સમાચાર મળતા ખુશીના માહોલ વચ્ચે અચાનક શોકનુ મોજુ ફરી વળ્યું હતું. પરિવારના હૈયાફાટ રૂદનથી સૌ કોઈની આંખો ભીની બની હતી. સમગ્ર મુદ્દે સેકટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લામાં વરસાદની ઘટ ૫૦ ટકાએ પહોંચી : દુષ્કાળનો ભય

**જિલ્લામાં ખરીફ વાવણી ૮૦ ટકા વિસ્તારમાં જ નોંધાઈ : પાણીના સ્તર નીચે જતાં પીવાનાં પાણીની તંગી પણ ઉભી થવાનો ભય**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વરસાદની વધતી જતી ઘટને પગલે દુષ્કાળની સ્થિતિનો ભય ઉભો થયો છે. જિલ્લામાં વરસાદની ઘટ ૫૦ ટકા જેટલી થવા પામી છે. આ વખતે વરસાદની ઘટને પગલે પીવાના પાણીની સમસ્યા પણ ઉભી થવાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં વરસાદની ઘટને પગલે ખરીફ સિઝનના વાવેતર વિસ્તારમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં બે તબક્કે વાવેતર થયુ છે. આમ તો સારો વરસાદ થવાની આશાને લઈ ખરીફ વાવેતરના આરંભે ખેડૂતો ઉત્સાહમાં હતા પરંતુ જેમ જેમ વરસાદ ખેંચાતો ગયો તેમ તેમ ખેડૂતોની ચિંતા વધવા લાગી છે.

જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા છે. જિલ્લો આમેય ડાર્કઝોનમાં હતો અને હવે વરસાદ ખેંચાતા પાણીના સ્તર વધુ ને વધુ નીચે જઈ રહ્યા છે. જેથી આગામી દિવસોમાં પાણીના પ્રશ્નો ઉભા થશે તેવી ભીતિ ઉભી થઈ રહી છે. જિલ્લામાં હજુ પણ ૩૦ થી વધુ ગામો નર્મદાનું પાણી લેતા નથી જે નોંધનીય છે.

જિલ્લામાં આ વખતે ખરીફ પાકનું વાવેતર ૮૦ ટકા વિસ્તારમાં થયુ છે. મગફળીના પાકનું વાવેતર વિક્રમી નોંધાયુ છે. કપાસ, દિવેલા, ગવાર જેવા પાકોનું વાવેતર ઘટ્યુ છે. શાકભાજીના પાકોના વાવેતરમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

વરસાદ ખેંચાતા જિલ્લામાં ખરીફ પાકને પણ નુકશાન થવાનો ભય ઉભો થયો છે. જિલ્લામાં જુલાઈ મહિનામાં અને ઓગષ્ટમાં વરસાદ સામાન્યતઃ સારો થતો હોય છે પરંતુ આ વખતે વરસાદ જોઈએ તેવો થયો નથી. વરસાદના દિવસો પણ ઘટ્યા અને વરસાદી ઘટ પણ વધવા પામી છે.

આકાશી ખેતી પર થનાર વિપરીત અસરોની વિપરીત અસરો જિલ્લાના અર્થતંત્ર પર પણ પડી શકે છે. જિલ્લામાં હાલ તો ખરીફ પાકને બચાવવા ખેડૂતો પિયત માટે દોડાદોડી કરી રહ્યા છે.

ગઈકાલે હળવા વરસાદી ઝાપટા પછી આંશિક રાહત જરૂર થઈ છે પણ આથી સમસ્યા ઉકલી ગઈ તેવુ કહી શકાય નહિ. જિલ્લામાં ૨૦૧૮ જેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યુ છે.

જિલ્લાના ચારેય તાલુકામાં આ ચોમાસા દરમ્યાન સિઝનનો ૨૭ ટકા જ વરસાદ નોંધાયો છે. જે ગત વર્ષે ૭૧ ટકા નોંધાયો હતો.

જિલ્લામાં આજે દિવસ દરમ્યાન સવારે ૧૦ થી ૧૨ના ગાળામાં દહેગામમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી ઓછો વરસાદ દહેગામમાં આ પછી ગાંધીનગર માણસા અને કલોલનો ક્રમ આવે છે.

## પાણીની કોઈ સમસ્યા જિલ્લામાં નથી !

**સરકારે દરેક જિલ્લા પાસે પાણીની સ્થિતિને લઈ વિગતવાર અહેવાલ મંગાવ્યો**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ખેંચને પગલે આગામી દિવોસમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થવાનો ભય ઉભો થયો છે.

સરદાર સરોવર ડેમમાં પણ ૫૦ ટકા જેટલો જ ડેમ ભરાયેલો છે. શહેર અને જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે. તંત્રના સૂત્રો કહે છે કે પાણી પીવા માટેની કોઈ સમસ્યા ઉભી થશે નહિ અને પાણીની હાલની વિતરણ વ્યવસ્થામાં પણ કામ મુકવાનો કોઈજ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દરમ્યાન રાજય સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જળસંપત્તિ વિભાગે દરેક જિલ્લાઓમાં પીવાના પાણીની સ્થિતિ અંગે વિગતવાર વિસ્તૃત અહેવાલ માંગ્યો છે. રાજ્ય સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહેલ છે. સરકાર દ્વારા નિયમિત રીતે દર સપ્તાહે વેધર વોચ ગૃપની પણ બેઠક યોજવામાં આવી રહી છે. જિલ્લાઓમાં જે પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તે અંગે અહેવાલો માંગવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં રાહત પેકેજની ઘોષણા કરે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

# સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જિલ્લાની ૪ પ્રા. શાળા સ્કૂલ ઓફ એક્સલન્સ બનશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં ૪ જેટલી શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે જાહેર કરવાની કવાયત વેગીલી બની છે.

દર ૧૦૦ દિવસે જિલ્લામાં ૮ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે જાહેર કરવામાં આવનાર છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વિશ્વબેંક અને અન્ય બેંકોના સહયોગથી શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવાનો છે.

જિલ્લામાં ૧૧૩ જેટલી શાળાઓમાં ૩૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. તંત્ર દ્વારા પ્રથમ ૧૦૦ દિવસમાં ૪ શાળાઓ અને તે પછી દર ૧૦૦ દિવસે ૮ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવશે.

**દર ૧૦૦ દિવસે જિલ્લામાં ૮ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે જાહેર કરાશે**

મળતી વિગતો મુજબ પ્રથમ ચાર શાળાઓમાં દરેક તાલુકાની એક શાળાની પસંદગી કરવામાં આવી છે. આ સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેકટમાં બાળકનું શૈક્ષણિક સ્તર ઊંચુ આવે તે દિશામાં ખાસ ભાર મુકવામાં આવ્યો છે. જિલ્લામાં સ્કૂલ ઓફ એક્સલન્સ માટે શોર્ટ લીસ્ટ થયેલ શાળાઓમાં હાલ તાસ આધારિત શેરી શિક્ષણનો અમલ કરી દેવામાં આવ્યો છે. જેમાં બાળકો પણ હોંશથી જોડાઈ રહ્યા છે. તાસ આધારિત શેરી શિક્ષણના હાથ ધરાયેલા પ્રયોગાત્મક કામગીરીમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજ્યમાં હજુ ધો. ૧ થી ૮ ના બાળકો માટે શાળાકીય શિક્ષણ શરૂ કરવાની મંજૂરી સરકારે આપી નથી પરંતુ આગામી સપ્તાહમાં ધો. ૬ થી ૮ ના બાળકોના શાળાકીય શિક્ષણને મંજૂરી આપવામાં આવી શકે તેમ છે તેવુ શિક્ષણ વિભાગના સૂત્રોનું કહેવુ છે.



ભાઈ-બહેનના નિઃશ્વાર્થ પ્રેમના પ્રતિકરૂપે ઉજવાતા રક્ષાબંધન પર્વની ઉજવણી આપણે ત્યાં ખૂબ જ ઉલ્લાસભેર થાય છે. ગરીબ હોય કે તવંગર દરેકે દરેક પરિવારમાં આ તહેવારની ઉજવણી થતી જોવા મળે છે. સાસરે ગયેલી બહેનો રાખડી બાંધવા માટે ખાસ પીયર આવે છે. ઘરમાં હર્ષોલ્લાસનુ વાતાવરણ સર્જાય છે. સાવ નાની નાની બહેનો પોતાના લાડકવાયા ભાઈ માટે તેના ફેવરીટ કાર્ટુન કેરકેટરવાળી રાખડી ખરીદે છે. ભાઈ તરફથી મળતી ભેટ સ્વીકારી બહેનો આનંદિત બની જાય છે. સમગ્ર પરિવાર એક છત નીચે એકત્ર થઈ તહેવારની ઉજવણી કરે છે. ગરીબ પરિવારો પણ પોતાની શક્તિ પ્રમાણે આ તહેવાર ઉજવે છે. સેક્ટર-૫ અને સેક્ટર-૬ ની ઝુંપડપટ્ટીમાં પણ રક્ષાબંધનની ઉજવણી થઈ હતી.

# પંચાયતની જિલ્લા કચેરીઓના રેકર્ડનું ડિજીટાઈઝેશન કરાશે

**ડિજીટાઈઝેશનની કામગીરી માટે એસ.ઓ.પી. તૈયાર કરવા ૪ ડી.ડી.ઓ.ની કમિટી રચવામાં આવી**

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકાર દ્વારા પંચાયતના તમામ રેકર્ડનું ડીજીટાઈઝેશન કરાવવા માટેની વિચારણા હાથ ધરવામાં આવી છે.

પેપરલેસ સેક્રીટરએટ સંકલ્પના અનુસંધાને હવે પંચાયત વિભાગની તમામ જિલ્લા કચેરીઓનું ડિજીટાઈઝેશન કરવામાં આવશે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાઓમાં ડિજીટાઈઝેશનની કામગીરી કરવાને લઈ ચાર જિલ્લા વિકાસ અધિકારીઓની એક ખાસ કમિટી બનાવવામાં આવી છે.

આ કમિટીમાં ગાંધીનગર, દાહોદ, બનાસકાંઠા અને સુરતના જિલ્લા વિકાસ અધિકારીઓને મુકવામાં આવ્યા છે. આ ચારેય અધિકારીઓની સમિતિ આ કામગીરી માટેની એસ.ઓ.પી. આગામી એકાદ સપ્તાહમાં તૈયાર કરી અને તે રાજ્ય સરકારને આપશે. આ પછી સરકાર દ્વારા તે અંગેની વિચારણા કર્યા બાદ આગળ વધવામાં આવશે.

રાજ્યમાં પેપરલેસ સેક્રેટરીએટ સંકલ્પના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા કચેરીઓમાં કોમ્પ્યુટરનો ઉપયોગ પણ વધારી દેવામાં આવ્યો છે એટલુ જ નહિ નવી ભરતીમાં પણ કોમ્પ્યુટર જ્ઞાન ધરાવતા ઉમેદવારોની જ પસંદગી કરવામાં આવી રહી છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ યોજનાના નાણાં કે ગ્રાન્ટની ચૂકવણી માટે પણ ખાસ સોફ્ટવેર બનાવી અને સીધી ખાતામાં જ ચૂકવણી કરવામાં આવી રહી છે.

હવે તમામ રેકર્ડનું ડિજીટાઈઝેશન કરી કચેરીઓના ધૂળ ખાતા પોટલાઓને દૂર કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે.



સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ ગાંધીનગર અમદાવાદ મંડળ દ્વારા સ-૭ કોમ્યુનિટી હોલમાં શ્રાવણી પર્વની ઉજવણી અન્વયે જ્ઞાતિના પ્રથમ સનદી અધિકારી પ્રશાંતભાઈ રવિશંકર જોષીનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગ જ્ઞાતિની બાળાઓ ધિમહી, દિશા, કશ્વી અને વંદાસીએ નૃત્યુ રજુ કરી સૌના દીલ જીતી લીધા હતા. રક્ષાબંધનના પવિત્ર દિવસે શ્રી સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજના સભ્યોએ સામુહુકી યજ્ઞોપવિતનો લાભ લીધો હતો. સદાનંદ શાસ્ત્રીજીના આચાર્ય પદે લલીત શાસ્ત્રી દ્વારા ભુદેવોને વિધિવત રીતે યજ્ઞોપવિત ધારણ કરાવી હતી.

# શહેરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જામી

**શિવમંદિરોમાં ભોળાનાથના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી : રક્ષાબંધનના દિવસે નગરના શોપિંગ બજારમાં પણ રોનક નિખરી**

ગાંધીનગર તા ૨૨

પવિત્ર શ્રાવણ મહીનામાં નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળે છે. શિવમંદિરોમાં રોજબરોજ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. આજે શ્રાવણી પુનમ નિમિત્તે શિવમંદિરોમાં ભાવિકોનો વિશેષ ઘસારો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સતત મંદિરોમાં દર્શનાર્થીઓની અવરજવર રહી હતી. જયારે નગરના શોપિંગ બજારમાં પણ અનોખો ધમધમાટ રહ્યો હતો. કોરોનાના ઘટતા કહેર વચ્ચે નગરના જનજીવનમાં પણ રોનક પ્રસરી હતી.

ગાંધીનગરમાં પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન શિવાલયોમાં ભાવિકોની ભીડ જોવા મળે છે. ભોળાનાથની પુજા અર્ચના માટે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. જયારે શ્રાવણના સોમવારે શિવાલયોમાં ભાવિકો ઉત્સાહભેર શિવજીની પુજામાં તલ્લીન જોવા મળે છે. શિવજીને જળાભિષેક તેમજ બિલીપત્ર અર્પણ કરી ધન્યતા અનુભવે છે. મંદિરોમાં ભગવાનની ભવ્ય આરતી અને ભજન સહીત લઘુરુદ્ર , શિવમહીમ્મન સ્તોત્ર સહીતના ધાર્મિક આયોજન પણ કરવામાં આવે છે. સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરમાં પણ પ્રદોષ પુજા ઉપરાંત રોજબરોજ શિવજીની ભવ્ય પુજા અર્ચનામાં ભાવિકો શ્રધ્ધાપુર્વક જોડાય છે. શ્રાવણી સોમવારની જેમ શ્રાવણી પુનમ અને રક્ષાબંધન નિમિત્તે પણ નગરના શિવમંદિરોમાં વિશેષ પુજા અર્ચના કરવામાં આવી હતી. મંદિરોમાં સવારથી જ ભાવિકોની ભીડ જોવા મળી હતી. નગરજનોએ તહેવારની સાથે રજાનો દિવસ હોવાથી વિશેષ સંખ્યામાં ભોળાનાથના દર્શનનો લાભ લીધો હતો. શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર, સે-૨૧ વૈજનાથ મહાદેવ , સે-૪ ઓમકારેશ્વર મહાદેવ , સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિરમાં પણ દિવસ દરમિયાન સતત ભાવિકોની અવરજવર નજરે પડી હતી. આ ઉપરાંત શહેર નજીક સ્થિત વાસણિયા મહાદેવ , કોટેશ્વર મહાદેવ , ધોળેશ્વર મહાદેવ મંદિરમાં પણ ગાંધીનગર સહીત અમદાવાદથી આવતા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. શ્રાવણના પવિત્ર દિવસોમાં શિવમંદિરોમાં ભોળાનાથની પુજા અર્ચના માટે ભાવિકો ઉત્સુક જોવા મળી રહ્યા છે. જયારે આ દરમિયાન વિવિધ તહેવારો પણ આવતા શહેરના જનજીવનમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના બે સિનિયર વકીલો ગુજરાત લીગલ સેલની પ્રદેશ કારોબારીમાં નિમાયા





ગાંધીનગર તા ૨૨

ગુજરાત લીગલ સેલના પ્રદેશ કન્વિનર જે જે પટેલ તેમજ કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાની સુચનાથી પ્રદેશ ભાજપના પ્રમુખ સી આર પાટીલ દ્વારા ગુજરાત લીગલ સેલના પ્રદેશ કારોબારી સદસ્ય તરીકે ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન એસ એસ ગોહીલ તેમજ બાર કાઉન્સિલના સભ્ય એડવોકેટ કરણસિંહ બી વાઘેલા નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ લીગલ સેલ કારોબારી સદસ્ય તરીકેની જવાબદારી સોંપવા અને નિમણુંક કરવા બદલ સમગ્ર પ્રદેશ ભાજપના આગેવાનો પ્રત્યે તેમણે આભારની લાગણી વ્યકત કરી છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com